# પોલીટેક્નીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ દ્વારા ફ્રેશર્સ પાર્ટી અને રાત્રી બીફોર નવરાત્રી કાર્યક્રમનું આયોજન

પોલીટેક્નીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ દ્વારા તા. ૨૩/૯/૨૦૧૯, સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન ફ્રેશર્સ પાર્ટી નું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવેલ. તેઓને કોલેજના શિક્ષકગણ અને બીજ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફગણથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓને જુદી જુદી રમતો રમાડવામાં આવેલ. કાર્યક્રમનાં અંતમાં સ્વરૂચી ભોજન કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

તા. ૨૩/૯/૨૦૧૯ ના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન રાત્રી બીફોર નવરાત્રી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓએ પ્રાચિન અને આધુનિક વેશભુષા સાથે ગરબાની રમઝટ માણી હતી. આ કાર્યક્રમમાં કોલેજના સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ દ્વારા માતાજીની આરતી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું પોલીટેક્નીક કોલેજના વડા ડૉ. કે.બી.કામળિયા, એસ.આર.સી. ચેરમેન ડૉ. ગાયત્રી જાડેજા, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થી કમિટીના સભ્યોના સ્વસહયોગથી ખૂબ જ સફળતાપૂર્વક કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન બેસ્ટ વેશભૂષા, બેસ્ટ એક્શન અને બેસ્ટ ગ્રુપની સ્પર્ધા પણ રાખવામાં આવેલ. બેસ્ટ વેશભૂષા માટે નિલકુમાર દિપકભાઇ પટેલ અને આસ્થા ચેતન ભટ્ટ, બેસ્ટ એક્શન માટે કેવલકુમાર સુરેશભાઇ ભોઇ અને પ્રિયંકા દિપકભાઇ કાલે તેમજ બેસ્ટ ગ્રુપ માટે કાજલ એન્ડ ગ્રુપ અને હસ્તિ એન્ડ ગ્રુપ ને વિજેતા જાહેર કરવામાં આવેલ.

**ફ્રેશર્સ પાર્ટી**

















## નવરાત્રી ઉત્સવ










Navaratri
2K19

